# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૪ માં જે પરીક્ષાર્થીઓ એક(૧) અથવા બે(૨) વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક(૧) કે બે(૨) વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ પૂરક-૨૦૨૪ પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા ૨૦૨૪ માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **hscgenpurakreg.gseb.org** પરથી **ONLINE** કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદન રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

પરીક્ષા માટેનું ઓનલાઇન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ:૨૨/૦૫/૨૦૨૪ હતી જે વધુ એક(૧) દિવસ માટે લંબાવીને તારીખ:૨૩/૦૫/૨૦૨૪(સાંજના ૧૭:૦૦ કલાક) સુધી કરવામાં આવે છે.

ખાસ નોંધ:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટે ઓનલાઇન આવેદન (રજિસ્ટ્રેશન) કરવું ફરજિયાત છે.
2. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સૂચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
3. સંસ્કૃત મધ્યમાના એક(૧) અથવા બે(૨) વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થી માટેનું આવેદન(ઓફલાઇન) કરવાનું રહેશે. વિદ્યાર્થીની સહી કરેલ યાદી તથા ડી.ડી. બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

તારીખ:-૨૨/૦૫/૨૦૨૪

સ્થળ :- ગાંધીનગર

નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર